શિક્ષાપત્રિને પ્રભુ પ્રાર્થના

(દોહરો)

" ચિત્ત અને વળી વીર્યનો, વાળ્યો હોટલે દાટ
આંખ ઉઘાડી જો જરા, આગળ વસમી વાટ "

લેખક.

સનાતન ધર્મના ઉપદેશક અને હરિકીર્તનકાર
હરિદાસ મહારાજશ્રી શિવશંકર
ગોવિંદરામ યાજ્ઞિક.

પ્રકાશક.

રા. રા. દલાલ મોતીરામ તુળજારામ

પ્રગટ કરવાનું ઠેકાણું—હરિપુરા—સુરત.

શા૦ ખુબચંદ અમીચંદના ધી સુરત જૈન એન્જીન પ્રીં·
પ્રેસમાં પ્રભુશંકર નરભેરામ વ્યાસે છાપ્યું ઠે. ખપાટીયા
ચકલા—સુરત.

સંવત ૧૯૭૬) પ્રત ૧૦૦૦ (સને ૧૯૨૦

ભેટ ૦-૦-૬

આસુરી માયા

ગઝલ-કવાલી

સવારે શું થવાનું છે. એ રાગ.

ખરાબી હૉટલે કીધી, ગરીબી દેશને દીધી.
બધી લક્ષ્મી લૂંટી લીધી, હવે તો આંખ ખોલી જો—૧

શરીરનું સત્વ શોષાણું, આવી ઉભું રોગનું ગાણું
ઉદયનું વાણું છે વહાણું, હવે તો આંખ ખોલીજો-૨

હવા હૉટલ તણી ઝેરી, દવા હૉટલ તણી ઝેરી
નથી આંબા તણી કેરી, હવે તો આંખ ખોલીજો-૩

હૉટલનું ખાણું ખાનારા, હૉટલના ગુણ ગાનારા
તપાસી હાલ તું તારા, હવે તો આંખ ખોલી જો—૪

હરામી હૉટલે આવી, ગુલામી હિન્દને આપી.
વિદેશી ગઈ બધે વ્યાપી, હવે તો આંખ ખોલી જો-૫

કરી પૈસા તણું પાણી, પીઓ શું ચાહનું પાણી !
ખોયું મરદાઇનું પાણી, હવે તો આંખ ખોલી જો—૬

વધ્યાં બહુ હિન્દમાં હૉટલ, વધી બહુ બીડીને બૉટલ
કરી દીધો ધર્મને બાતલ, હવે તો આંખ ખોલી જો-૭

ફસાવી ફંદમાં આવા, વસાવી કૉફીને કાવા
બનાવ્યા સર્વને બાવા, હવે તો આંખ ખોલી જો ૮-

હતી જે હિન્દમાં શક્તિ, ગઈ હૉટલ તણા પાપે
ગયો ક્યાં ધર્મને ભક્તિ, હવે તો આંખ ખોલી જો-૯

તમારા દેશની દોલત, વિદેશે જાય છે ચાલી
ભીખારી થઈ ગયું ભારત, હવે તો આંખ ખોલી જો-૧૦

ભયંકર ક્ષય સમા રોગે, ઘણાના લઇ લીધા ભોગે
બીડી ને ચાહના યોગે, હવે તો આંખ ખોલી જો-૧૧
ઉપરથી હૉટલો સુંદર, સડેલું સર્વ છે અંદર
વિચારી વીર એ અંતર, હવે તો આંખ ખોલી જો-૧૨
ઉડી ગઇ અંગની લાલી પીતાં એ પાપની પ્યાલી,
ખીસાં પણ થઇ ગયાં ખાલી, હવે તો આંખ ખોલીજો૧૩
સુધારે શું સુધાર્યું છે, ખરચ અનહદ વધાર્યું છે,
ધરમનું બીજ બાળ્યું છે, હવે તો આંખ ખોલી જો-૧૪

....

તનુજો હિન્દ માતાના, અરે હિન્દુ મુસલમાનો,
હોટલનો છંદ છોડીને હવે જલ્દી તમે જાગો.-૧૫

ભજન—ભાઇ નામ સમજીને બેસી રહીએ એ રાગ.

જેવી મતી તેવી ગતિ

ભાઇરે, જેની સુરતા તેમાં જઇને જનમ ધરતો—ટેક
એતો અજ્ઞાને હીંડે આથડતો—ભાઇરે.
દારૂ પીએ તતો અવગતિ પામે પછી, ભુત પ્રેતમાં જઇને ભળતો,
માંસ માટી ખાય એતો વાઘશેન સરજે પછી, જીવને મારીને ઉદરભરતો—ભાઇરે.
અફીણ ખાય તેતો નિશ્ચે સર્પ અવતરેને, દેડકાની પુંઠે હીંડે ફરતો.
ભાંગ ગાંજો પીએ તેતો બોકડોજ સરજે પછી આંકડા ધંતુરા હીંડે ચરતો ભાઇરે.
પરનારી ભોગવે તે નિશ્ચે નારી અવતરેને રાંડા ના હલાલાં હીંડે કરતો,

ચોરી ચાડી એને કંઠે બાંધીછે પછી, લક્ષ ચોરાશીમાં ફરતો
બાપુ કહે સત્ નામને ભજીલે, સીધું સમજ્યો તેતો ભજન
કરતો,
કદી ભજનમાં ભૂલ પડે તો જેમ, તારો ગગનમાંથી ખરતો—

પ્રભુ પાસે નિત્ય પ્રાર્થના ભાઈરે

રાગ—સોરઠ. કામણુ દીસે છે એ રાહ.

અમને અંત સમે અલબેલા લેવા આવજો રે, (૨)—અમને
ત્રિકમ નામ તમારૂં પ્યારૂં, પ્રાણ જતાં પણ કરૂં ન ન્યારૂં
મનહર મંગલ મૂર્તિ મને બતાવજોરે—અમને
વિકટ સમય સાચવજો વ્હાલા, કહું કોટી કરી કાલાવાલા,
દેવા દીન દયાળા દયા દર્શાવજોરે-કૃપા વર્ષાવજોરે—અમને.
વસમી અંત સમયની વેળા, વ્હારે વળજો વિઠ્ઠલ વ્હેલા,
પ્રણુત પાળનું પહેલાં પણ પરખાવજોરે—અમને.
મર્કટ જેવું મન આ મારૂ, ત્રિકમ તાન ચુકાવે તમારૂં,
અંતરનું અંધારૂં સદ્ય સમાવજોરે— અમને.
દેજો દર્શન જનમન હારી, કરૂણા સાગર કુંજબીહારી,
શિવશંકર બલહારી બાપ બચાવજો રે—અમને.

"ખુશખબર"

સત્ય, શિયળ, જ્ઞાન, નીતિ અને ભક્તિરસથી ભરપુર તથા શ્લોક, સાહિત્ય અને સુબોધક દ્રષ્ટાંતો સહિત, ભગવાનના પરમ ભક્તો તેમજ પતિવ્રતા સતીઓનાં દશ આખ્યાનનું હરિદાસ ભક્તિ વિજય નામે પરમ બોધક પુસ્તક, અમારા તરફથી ટુંક સમયમાં બહાર પડશે. બે માસની અંદર ગ્રાહક થઈ અગાઉથી નામ નોંધાવનાર પાસેથી રૂ૦ ૨-૦-૦ લઈ પુસ્તકમાં તેમનું નામ અમર કરવામાં આવશે. પછીથી રૂ૦ ૨-૮-૦ માટે આવો અલભ્ય લાભ જતો કરશો નહિં ગ્રાહક થવા ઇચ્છનાર ગૃહસ્થે ફોર્મ માગી લેવું

ઠેકાણું બાલાજી પાસે રામજી મંદિર ચાતુર્માસ સુરત.

રાગ ઉપરનો નિત્ય નોંધ.

૧ રાતે રોજ વિચારો આજ કમાયા શું અહિં રે સુતાં મન
મહીં રે—રાતે

ખાવા પીવા પ્રભુએ દીધું, તે સાટે મેં શું શું કીધું,
એ ખાતું સરભર કીધું છે કે નહિરે........—....રાતે.
પાપ રૂપ શું કરજ થયું છે, તે સાટે શું પુન્ય કર્યું છે,
પુન્ય પાપમાં વધેલ છે બાજુ કઇ રે...................રાતે
જે માટે આ જગતન દીધું, તે માટે મેં શું શું કીધું,
વધુ ઘટુ કે સુધારવું શું તે મહીં રે..................રાતે
માયાએ કેવા ભૂલાવ્યા, બુદ્ધિ જ્ઞાને કેવા ફાવ્યા,
કઇ સવળી ને અવળી રીતી છે રહીરે................રાતે.
ભૂલચુકની માફી માગી, અનંત પતિને પાયે લાગી,
નિત્ય સુવે તે નિત્ય થશે સુખી સહીરે..............રાતે

ભક્ત જનોને ગાવા લાયક ધુનો.

ધુન ૧લી.

ભજમન પ્યારે સીતારામ સીતારામ,
પતિત પાવન પૂરણ કામ, ભજમન પ્યારે રાધેશ્યામ.

ધુન ૨જી

ફરી નહિં મળે અવસર આવોરે, વૈષ્નવો હરિ ગાઓ હરિ
ગાઓ.
જેણે હરિ ગાયા હરિ ગાયા, એતો અડસઠ તીરથ ન્હાયારે—
જેણે.
જેને હરિ વ્હાલા હરિ વ્હાલા, તેતો માનો મોટા ભાગ્ય
વાળારે જેને.
ધન્ય ધન્ય બોડાણાને ભાવ્યા, દ્વારિકાં મૂકીને ઠાકોર આવ્યા
ધન્ય ધન્ય ગંગાબાઇની વાળી, સવા વાલ થયા વનમાળી.
એવા હરિવરને જે ગાશે, તેનો વાસ વૈકુંઠમાં થાશે.

આરતી.

જય જગદીશ હરે, જય જય જય જય જગદીશ હરે,
આપ વિના ભવ સંકટ, હરિવર કોણ હરે—જય જગદીશ.
તું સૌનો સ્વામી બહુ નામી, તું અંતરયામી....પ્રભુ
હું હરિ અવગુણ ધામી, ખલ કપટી કામી—જય જગદીશ.
તરી અધમા અહલ્યા પલમાં પ્રભું, તવપદ રજ પામી–પ્રભુ
વ્યાધ ગુણિકા ગજપણ વિપદ ગયાં વામી—જયજગદીશ.
તું પિતુ માતા ધાતા ત્રાતા, ભ્રાતા તું મારો—પ્રભુ
તું પાલક દુઃખ ટાળક, બાલક હું તારો—જય જગદીશ.
નેતિ નેતિ કહી નારદ સારદ ગુણ તારા ગાતા—પ્રભુ
પૂરણ પ્રેમે પલમાં પ્રભુ તમે પરખાતા........જયજગદીશ.
અનેક ધર્યા અવતાર આપે અધર્મ સહંરવા–પ્રભુ
સજ્જનને સુખ કરવા, ભાર ભૂનો હરવા જય જગદીશ.
રંક દાસ રણછોડ, શિવશંકર તારો–પ્રભુ.
દુસ્તર ભવસાગરથી, ત્રીકમજી તારો–જય જગદીશ.

અંબિકા સ્તવન

રાગ સારંગ હરિભજનથકી છોટા હોય એ રાહ.
અંબા માડી જેવો તેવો બાળક છું હું તારો.
આ અવનિમાં આપ વિના નથી અન્ય આશરો મારો.
તેં કષ્ટ ઘણાનાં કાપ્યાં છે, તેં અભય કંઇકને આપ્યાં છે,
તેં અનીતિના મૂળ ઉથાપ્યાં છે—અંબામાડી
તું જગજનની સાચી જનની, તું આશ પૂરે તનની ધનની
તું સ્હાયક છે મા સજ્જનની—અંબામાડી.
આ મનહારી મૂર્તિ તારી, મને પ્રાણથકી લાગે પ્યારી.
નીરખું નિત્યે ધારી ધારી—અંબામાડી
તેં મહિષાસુરને માર્યો છે, તેં શુંભ નિશુંભ સંહાર્યો છે
તેં ભૂમીનો ભાર ઉતાર્યો છે—અંબામાડી.

મા માગું છું એટલું આપકને સત્વર ભવસાગર તારમને
શિવશંકર તારા સેવકને—અંબામાડી.

અગાઉથી આશ્રય આપી શક્તિ પ્રમાણે ભક્તિ કરનાર હરિજનોનાં નામ.

1-0-0 રા. રા. સોમનારાયણ ડાહ્યાભાઇ આમલીરાન.
1-0-0 ,, બાલમુકુંદદાસ ગીરધરલાલ મોદી વાડીફળીયા.
1-0-0 ,, હરગોવિંદદાસ બેચરદાસ પરતાગીયા બ. ભાગળ.
1-0-0 ,, દરજી રતીલાલ આતમારામ હરિપુરા.
1-0-0 ,, જેકીશનદાસ પ્રાગજી
1-0-0 ,, ખારવા હરજી ઝીણાની કંપની રહેમતપુરાની ખારવાડ

આ શિક્ષાપત્રિ પ્રકટ કરતાં અગાઉથી ગ્રાહક થયેલા ગ્રહસ્થોનાં નામ.

નકલો

૫૦ રા. રા. સોમનારાયણ ડાહ્યાભાઇ આંબલીરાન.
૫૦ રા. રા. દલાલ મોતીરામ તુળજારામ હરિપુરા.
૫૦ રા. રા. રતિલાલ ધીરજરામ, ગાઓ હારમોનીયમ મેકર. ચૌટાપુલ.
૫૦ ,, શેઠ વિઠ્ઠલભાઇ વેરાગીવાળા છાપાના એજંટ.
૫૦ ,, બારોટ ભીખાલાલ ગોકળદાસ મોટું મંદિર.
૨૫ ,, પોપટલાલ કાળીદાસ ઝાંપાબજાર
૨૫ ,, દરજી દેવકરણ રામજી ,,
૨૫ ,, શેઠ રંગીલદાસ મોટીશેરી.
૨૫ ,, ધનાભાઇ કરસનદાસ નવાપુરા.
૨૫ ,, હીરાલાલ છગનલાલ હરિપુરા.
૨૫ ,, કાળીદાસ ભીખાલાલ ગલેમંડી.
૨૫ ,, દરજી માવજી રામજી ઝાંપાબજાર.
૨૫ ,, મોતીલાલ દામોદર વાડીફળીયા.
૨૫ ,, જમનાદાસ ધરમચંદ વરીયાવી ભાગળ.
૨૫ ,, મગનભાઇ ધનજીભાઇ હરિપરૂ.
૨૫ ,, ચંદુલાલ છગનલાલ આંમલીરાન.
૨૫ ,, ભગત જગજીવનદાસ ભીકાજી લીંબડાચોક.
૨૫ ,, ગંગા સ્વરૂપ [illegible] બ્હેન સૈયદપુરા.

"સ્વર્ગનો સંદેશો,,

ઓ બીરાદર હિન્દુ અને મુસલમાનો ! ઓ પુણ્યભૂમી ભારત માતાના સંતાનો ! જો તમો આપણા દેશની હિન્દુસ્થાનની આબાદી ઇચ્છતા હો, જો તમો આપણા દેશની સાચી દોલત રૂપ તમારા બાળકો ને ધીર, વીર, પરાક્રમી અને ધર્માત્મા બનાવવાની ઉમેદ રાખતા હો, અને જો તમે વર્ણસંકરતા વર્ધક વિપરીત માર્ગને ઉચ્છેદ કરવા ઇચ્છતા હો તો, આપણા માનસિક, આર્થિક અને શારીરિક બળનું સત્યાનાશ વાળનાર, આપણને બાયલા બનાવનાર અને આપણને પ્રમાદના પુતળાં બનાવી પામરની પંક્તિએ પહોંચાડનાર અને ભારત વાસીઓને ધર્મ કર્મથી ભ્રષ્ટ કરનાર એટલુંજ નહિ પણ આપણા કુમળા જીવનનો નાની ઉમ્મરમાંજ નાશ કરનાર રાક્ષસી હોટલનો, તમો તમારા કુટુંબ કબીલા સહને માટે એટલે જીવનપર્યંત પરીત્યાગ કરજો. આજને આજ ત્યાગી મૂકજો.

અને જો તમોએ હોટલની હવામાં પણ ન જાવું એવી પ્રતિજ્ઞા કરી હોય તો જીવન પર્યંત પુરેપુરી પાળજો. તમારા પરિચયમાં આવનાર પ્રત્યેકની પાસ પળાવજો. ધીમે ધીમે તમારા ઘરમાંથી પણ તે ચાહ રૂપી ઉકાળાને એકદમ ઓછો કરી નાંખી, પછી કાયમ માટે તેનું કાશલ કાઢી નાંખજો. સાથે સાથે પેલી ઓમતી બીડી કે જે તમારાં ફેફસાં ફોલી રહી છે, અને તમારૂં હૃદય કે સાક્ષાત રામનુંજ મંદીર છે તેને ધુમાડાથી રૂંધી નાંખી ભસ્ટ કરી રહી છે તે બળતી સગડીને પણ જલ્દી દેશવટો દેવાની સાવચેતી રહેજો અને તમારૂં સાચું કલ્યાણ સમજાવનારી આ શિક્ષા પત્રને ગીતાના પાઠની પેઠે હમેશાં વાંચજો, વિચારજો, તમારા અંતરમાં બરાબર ઉતારજો, અને જેમ બને તેમ જલ્દી વર્તનમાં મૂકજો.

એથી તમારાં જીવન ધર્મવાળાં બનશે. એથીજ આપણા દેશની ઉન્નતિ અલ્પ સમયમાં થશે. અને એથીજ અવતાર તેમજ આ[illegible] સુધરશે:

લેખક મહારાજશ્રીના શુભાશિર્વાદ